
**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૮ ટકા

# આવતી કાલે કરવા ચોથ : પતિના દીર્ઘાયુ માટે કરાતું વ્રત

## હિંદુ ધર્મમાં આ સૌથી મુશ્કેલ ઉપવાસ માનવામાં આવે છે : આ દિવસે પરિણીત મહિલાઓ આખો દિવસ અન્ન અને જળનો ત્યાગ કરીને કરવા ચોથનું વ્રત પૂર્ણ કરે છે



ગાંધીનગર, તા.૧૧

કારતક કૃષ્ણચતુર્થીના દિવસે કરવા ચોથનું વ્રત રાખવામાં આવે છે. આ વખતે કરવા ચોથ ૧૩ ઓક્ટોબરે ઉજવવામાં આવશે. કરવા ચોથના ઉપવાસને હિંદુ ધર્મમાં સૌથી મુશ્કેલ ઉપવાસ માનવામાં આવે છે. આ દિવસે પરિણીત મહિલાઓ પોતાના પતિના લાંબા આયુષ્ય માટે વ્રત રાખે છે. આ દિવસે પરિણીત મહિલાઓ આખો દિવસ અન્ન અને જળનો ત્યાગ કરીને કરવા ચોથનું વ્રત પૂર્ણ કરે છે. નવપરિણીત મહિલાઓ પૂર્ણ ભક્તિ અને શ્રદ્ધા સાથે કરવા ચોથનું વ્રત રાખે છે. કરવા ચોથની પૂજા વિધિ-વિધાનથી કરવામાં આવે છે. આ પૂજામાં કરવાનું ઘણું મહત્વ છે. જેના વિના વ્રત અધૂરું માનવામાં આવે છે. કરવા ચોથનો ઈતિહાસ જાણીએ તો દંતકથા અનુસાર, જ્યારે દેવતાઓ અને દાનવો વચ્ચે ભયંકર યુદ્ધ શરૂ થયું, ત્યારે ભગવાન બ્રહ્માએ દેવતાઓની પત્નીઓને કરવા ચોથનું વ્રત રાખવા કહ્યું હતું. એવું માનવામાં આવે છે કે, ત્યારથી જ કરવા ચોથનું વ્રત રાખવાની પરંપરા શરૂ થઈ. અન્ય એક દંતકથા અનુસાર, માતા પાર્વતીએ ભગવાન શિવને મેળવવા માટે આ વ્રત રાખ્યું હતું.



### કરવા ચોથ શુભ યોગ :

- કરવા ચોથના દિવસે બ્રહ્મ મુહૂર્ત સવારે ૦૪:૫૪થી ૦૫:૪૩ સુધી રહેશે.
અભિજીત મુહૂર્ત બપોરે ૧૨.૧થી ૧૨.૪૮ સુધી રહેશે. અમૃત કાલ સાંજે ૪:૮ થી ૫:૫૦ સુધી
- કરવા ચોથનાં શુભ મુહૂર્ત :
- કરવા ચોથ પૂજા મુહૂર્ત - સાંજે ૦૬.૧૭ થી ૦૭.૩૧ સુધી
- સમયગાળો - ૦૧ કલાક ૧૩ મિનિટ
- કરવા ચોથ વ્રતનો સમય - સવારે ૦૬.૩૨ થી ૦૮.૪૮ સુધી
- કરવા ચોથના રોજ ચંદ્રોદય - ૦૮:૪૮ PM
- ચતુર્થી તિથિ શરૂ - ૧૩ ઓક્ટોબર, ૨૦૨૨ સવારે ૦૧:૫૯ વાગ્યે
- ચતુર્થી તારીખ સમાપ્તિ - ૧૪ ઓક્ટોબર, ૨૦૨૨ સવારે ૦૩:૦૮ વાગ્યે

### પૂજા માટેની સામગ્રીઓ:

કરવા: તે માટીના કાચ જેવું નાનું વાસણ છે. આના વિના કરવા ચોથનું વ્રત પૂર્ણ થઈ શકતું નથી. તે બજારમાં સરળતાથી ઉપલબ્ધ છે. કેટલીક સ્ત્રીઓ માટીની જગ્યાએ ધાતુના કરવા પણ વાપરે છે. તેની અંદર ચોખા ભરીને પૂજા કરવામાં આવે છે.

કુમકુમ અને ચોખા:ભગવાન ગણેશની પૂજા કરવા માટે પૂજાની થાળીમાં કુમકુમ અને ચોખા રાખો. ભગવાન ગણેશને કુમકુમ અને પછી ચોખાથી તિલક કરો. આ બે વસ્તુઓ વિના કોઈપણ પૂજા પૂર્ણ માનવામાં આવતી નથી. ચોખાને શુક્રનો ખોરાક કહેવામાં આવે છે જે દાંપત્યજીવનને સુખી બનાવે છે.

દીવો: ભગવાન ગણેશ અને ચંદ્રની આરતી માટે થાળીમાં માટીના બે દીવા પણ હોવા જોઈએ. આરતી પછી ભગવાન ગણેશની સામે એક દીવો રાખો અને બીજા દીવાથી ચંદ્રની આરતી કરો. આ દીવાઓમાં તેલની જગ્યાએ ગાયનું શુદ્ધ ઘી હોય તો તે વધુ શુભ હોય છે.

ચાળણી: કરવા ચોથ પર, ચંદ્રને પહેલા ચાળણી દ્વારા અને પછી તેના પતિને જોવામાં આવે છે. જો કે, આ પરંપરાને અમુક જગ્યાએ અનુસરવામાં આવે છે. કરવા ચોથ પૂજા માટે ચાહી એ સૌથી મહત્વપૂર્ણ વસ્તુઓમાંની એક છે. આને પણ તમારી યાદીમાં ઉમેરો. પાણીથી ભરેલો વાસણ:ચંદ્રની આરતી પછી તેમને જળ સાથે અર્ધ્ય પણ ચઢાવવામાં આવે છે. આ માટે પૂજાની થાળીમાં પાણીથી ભરેલો લોટો રાખો. આ પણ જરૂરી બાબત છે.

ગોળ: જો કે ભગવાન ગણેશની પૂજામાં કોઈપણ મીઠાઈ ચઢાવી શકાય છે, પરંતુ તેમને ગોળ ચડાવવાનો ખૂબ ચલણ છે. તેથી પૂજાની થાળીમાં થોડો ગોળ રાખો, જે પછી ભગવાન ગણેશને ચઢાવવામાં આવે છે.

### કરવા ચોથમાં સરગીનું મહત્વ :

કરવા ચોથમાં સરગીનું વિશેષ મહત્વ માનવામાં આવે છે. ખરેખર સરગી પંજાબમાં સૌથી વધુ પ્રચલિત છે. સરગી એ આવશ્યક ખાદ્ય પદાર્થ છે, જે સાસુ તેમની પુત્રવધૂને કરવા ચોથ પર સૂર્યોદય પહેલા ખોરાક તરીકે આપે છે. પરણિત મહિલાઓ પ્રસાદ તરીકે સરગી લઈને કરવા ચોથના વ્રતની શરૂઆત કરે છે. માન્યતાઓ અનુસાર, તેને સવારે એટલે કે સૂર્યોદય પહેલા ૪થી ૫ વાગ્યાની વચ્ચે લેવું જોઈએ.

# સરકારી વિજ્ઞાન કોલેજમાં 'સ્નેક એન્ડ સ્નેક બાઈટ'નું વ્યાખ્યાન



સરકારી વિજ્ઞાન કોલેજના ઈકો ક્લબ, વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓએ વન્યજીવ સપ્તાહ ઉજવણીના ભાગરૂપે આચાર્ય ડૉ. એમ.જી. ભટ્ટની અનુમતિ ગીર ફાઉન્ડેશન ખાતે યોજાયેલા 'સ્નેક એન્ડ સ્નેક બાઈટ' લેક્ચરમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ડૉ. એમ.જી. ભટ્ટ અને ડૉ. દેવાંશી જોશીએ સાપ અંતર્ગત સરસ માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે ઈકો ક્લબના ચેરમેન ડૉ. પ્રજ્ઞાબેન ઉપસ્થિત રહ્યા હતા.

# સે-૨૦ સરકારી શાળામાં મહિલા સશક્તિકરણની તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ગુજરાત રાજ્ય પોલીસ દ્વારા મહેસાણા જિલ્લા મહિલા ઉત્પાદક વિકાસ સહકારી સંઘ લી. મહિલા સશક્તિકરણના ભાગરૂપે સ્વરક્ષણની તાલીમ સરકારી શાળા સેક્ટર-૨૦માં બિસ્ટ એકેડમીના કોચે આપી હતી. ત્યાં ઉપસ્થિત મુખ્ય મહેમાન બિસ્ટ એકેડમીના ડાયરેક્ટર ભુપેન્દ્રકુમાર શ્રોપ્રિય તથા કોચ એકતાબા રાઠોડ સિદ્ર હેમ ફાઉન્ડેશનના ટ્રસ્ટી નયનાબેન રાવલ, શાળાના આચાર્ય કૈલાસબેન કે. ગોમતી તથા શાળાના શિક્ષક ગણ વગેરેએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# ભારતનું ભુ-રાજનૈતિક મહત્વ-વર્તમાન અને ભવિષ્ય વિષય ઉપર ચર્ચા સત્ર

ગાંધીનગર, તા.૧૧

ભારતીય વિચાર મંચ, ગાંધીનગર યુવા આયામ (યજ્ઞ) અને સ્ત્રી ચેતના ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે "ભારતનું ભુ-રાજનૈતિક મહત્વ-વર્તમાન અને ભવિષ્ય" વિષય ઉપર ચર્ચા સત્રનો કાર્યક્રમ તારીખ ૧૩ ઓક્ટોબર ૨૦૨૨ ગુરુવાર, સાંજે ૬:૩૦ કલાકે વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર, સેક્ટર ૨૨ ખાતે રાખવામાં આવ્યું છે. જેમાં કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય-ગુજરાતના પ્રાધ્યાપક પ્રીતિ શર્મા વક્તા તરીકે આવવાના છે. ગાંધીનગર શહેરના તમામ પ્રબુદ્ધ યુવાઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

# જન્મદિને વધામણી



ડો. ખ્યાતિ સતિષભાઈ પટેલ



જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય
લાયોનેસ ક્લબ



શૌર્ય મહેશકુમાર રાવત

# બ્રહ્માકુમારીઝ દ્વારા ૨૦મી સુધી ફીઝીઓથેરાપી કેમ્પ



ગાંધીનગર, તા.૧૧

બ્રહ્માકુમારીઝ, સેક્ટર.૨૮ ગાંધીનગર ખાતે ૧૧ થી ૨૦ ઓક્ટોબર સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ નિઃશુલ્ક ફિઝીઓથેરાપી કેમ્પનું આયોજન પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર.૨૮, ગાંધીનગર ખાતે ૧૧ થી ૨૦ ઓક્ટોબર દરમ્યાન રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ સી એમ પટેલ કોલેજના સહયોગથી નિઃશુલ્ક ફિઝીઓથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં નિષ્ણાંતો દ્વારા તમામ પ્રકારના રોગો માટે ફુલ્લિ ઈક્વિપડ ફિઝીઓથેરાપી બસમાં સારવાર નિઃશુલ્ક આપવામાં આવે છે. તો ગાંધીનગરના તમામ નગરજનોને ફિઝીઓથેરાપીની આ નિઃશુલ્ક સારવારનો અચૂક લાભ લેવા કૈલાશ દીદીએ સૌને નિમંત્રણ આપેલ છે.

# કરાટે સ્પર્ધામાં કુડાસણમાં ટ્રેનિંગ લેતા ખેલાડીઓનો ઉત્કૃષ્ટ દેખાવ



ગાંધીનગર, તા. ૧૧

વાડોકાઈ કરાડે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં ગાંધીનગર ખાતે જિલ્લાકક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કોચ સેન્સાઈ સુરજ ત્રિપાઠીના પ્રશિક્ષણ હેઠળ કુડાસણમાં શીખતા વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ દેખાવ કરી વિજેતા બનેલા ખેલાડીઓએ ૬ ગોલ્ડ મેડલ તથા ૪ સિલ્વર મેડલ મેળવ્યા હતા. ૬ ખેલાડીઓ સેમી ફાઈનલ સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા. વિજેતા થનાર ખેલાડીઓને ફેડરેશનના ચીફ ટેકનિકલ ડાયરેક્ટર શિહાન અરવિંદભાઈ રાણા અને જિલ્લાના નિયામક ગૌરાંગભાઈ રાણાએ તથા તેમના કોચ સેન્સાઈ સુરજ ત્રિપાઠીએ વિજેતા થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.માં યુવા પ્રતિભાને પોંખતો તેજતૃષા કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૧૧

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે રાજ્યના શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજજવલનથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેમાનોનું શાબ્દિક સ્વાગત યુનિવર્સિટીના કુલપતિ અમીબહેન ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી પોતાના પ્રવચનમાં યુવા પ્રતિભાઓને ખીલવવા માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતા પ્રયાસો અંગે વાત કરી હતી. તેમજ તેમણે રાજ્યના યુવાનોએ માત્ર નોકરીને પ્રાધાન્ય ન આપવુ જોઈએ પણ તેમને પોતાની પ્રતિભા અને કૌશલ્ય પ્રમાણે વ્યવસાયની પસંદગી કરવી જોઈએ તેમ તેમણે કહ્યું હતું. અમીબેન ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને નોકરી સિવાયના વ્યવસાય અંગેના અઢળક વિકલ્પો છે. પણ આપણે આપણી કળા અને પ્રતિભા પ્રમાણે જીવનમાં આગળ વધવું જોઈએ. જેથી આપણને ગમતું કામ કરવા મળે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં જ્ઞાનધારા અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા-૩૦, જૂથ ચર્ચા ૧૮, સર્જનાત્મક અભિવ્યક્તિધારા અંતર્ગત કાવ્ય પઠન, શોર્ટ ફિલ્મ, નાટ્ય ધારા અંતર્ગત માઈમ, સ્કીટ, એકાંકી, રંગકલા કૌશલ્યધારા અંતર્ગત ઓન ધ સ્પોટ પેઈન્ટીંગ, કોલાજ, ક્લે મોડેલીંગ, રંગોળી, ઈન્સ્ટોલેશન અને ગીત સંગીત નૃત્ય ધારા અંતર્ગત હળવું કંઠ્ય સંગીત, લોકગીત, શાસ્ત્રીય ગાયન, શાસ્ત્રીય નૃત્ય, સમૂહ ગીત, લોકનૃત્ય, રાસ-ગરબા જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતાઓને મંત્રીના વરદહસ્તે પ્રમાણપત્રો અને સ્મૃતિચિન્હો અર્પણ કરવામાં આવ્યા હતા.

# શરદપૂનમની સાંજે જયંતિ રવિ અને શિષ્યો દ્વારા સમદર્શન આશ્રમમાં ભક્તિગીતોની પ્રસ્તુતિ

## પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના સાન્નિધ્યમાં શ્રોતાઓ ભક્તિરસમાં તરબોળ થયા







ગાંધીનગર, તા.૧૧

જાણીતા શાસ્ત્રીય ગાયક જયંતિ રવિ અને તેમના શિષ્યોએ શરદપૂનમની સાંજે ગાંધીનગરના સમદર્શન આશ્રમમાં ભક્તિગીતો પ્રસ્તુત કર્યા હતા. પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના સાન્નિધ્યમાં જયંતિ રવિ, તેમના પુત્રી કૃપા રવિ નિત્યેશ અને અન્ય શિષ્યગણે ઉપસ્થિત શ્રોતાઓને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. શરદપૂનમની સાંજે જયંતિ રવિના શિષ્યો કીર્તના સંતોષ, કાશીનાથ એસ., સમર્થ વારિયર, વૈગા સારા, અનકા પટેલ, લાવણ્યા સુબ્રમણયમ, જયંતિ સુબ્રમણયમ, શીજી જોશ્વિન, અદિતિ ત્રિવેદી, રમ્યા ટી. સી. એ., કૃતિકા પટેલ, આદર્શ પિલ્લઈ, સાક્ષી પિલ્લઈ અને દિવ્યા ઐયર ભક્તિગીતોની પ્રસ્તુતિમાં જોડાયા હતા. જયંતિ રવિ, કૃપા રવિ નિત્યેશ અને શિષ્યોએ 'ગણેશ પંચરત્નમ' આદિ શંકરાચાર્યની રચનાથી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. મરાઠી સંત કવિ જ્ઞાનદેવનું અભંગ - 'એક તત્વ નામ' શ્યામ કલ્યાણ રાગમાં મરાઠી ભાષામાં પ્રસ્તુત કરીને કલાકારોએ વૈવિધ્યસભર રચનાઓનો આરંભ કર્યો હતો. ત્યાર બાદ રાગ માલામાં 'શુધ્ધ રામ નામ' અને પછી રવિન્દ્રનાથ ટાગોરની બંગાળી રચના રવિન્દ્ર સંગીતમાં રજૂ કરી હતી. તુલસીદાસજી કૃત હનુમાન ચાલીશા, સદાશીવની ધૂન અને ભજન તથા બાબા મુક્તાનંદની સમાધિનો દિવસ હોવાથી 'શ્રીકૃષ્ણ ચૈતન્ય પ્રભુ નિત્યાનંદા..' અને 'હરે કૃષ્ણ હરે રામ' ની ધૂનથી કલાકારોએ સૌ શ્રોતાઓને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા.

# બીબીએ કૉલેજ દ્વારા અદાણી ગ્રૂપ ઓફ ઈંડસ્ટ્રીસ સંચાલિત મુન્દ્રા બંદરની ઔધોગીક મુલાકાત



કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન કૉલેજનાં વિદ્યાર્થીઓની સાતત્ય પૂર્ણ દરેક સેમેસ્ટરમાં ઈંડસ્ટ્રિયલ વિઝિટનું આયોજન થઈ રહ્યુ છે. જેનાથી વિદ્યાર્થીઓને વ્યાવસાયિક ક્ષેત્રનાં તમામ પાસાઓ સમજવામાં સરળતા રહે છે.બીબીએનાં ૫૫ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. જેમાં દરેક ટીમ દ્વારા મુન્દ્રા પોર્ટની બે દિવસીય મુલાકાત લેવામાં આવી હતી.સાંપ્રત સમયમાં મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓની માંગ દરેક ક્ષેત્રમાં છે. ત્યારે ઉપરોક્ત વિઝિટનું મહત્વ સ્કીલ ડેવલોપમેન્ટ તેમજ ઔધોગિક ક્ષેત્રના અનુભવ બાબતે વધી જાય છે.આજે પોર્ટ-મેનેજમેન્ટમાં પણ રોજગારીની અનેક તકનું સર્જન થઈ રહ્યુ છે. અદાણી ગ્રૂપ ઓફ ઈંડસ્ટ્રીસ આજે સમગ્ર ભારતમાં વટવૃક્ષ બની ચૂકી છે. ૨૦ વર્ષ પૂર્વે કંપનીએ અંહી વ્યવસાયની શરૂઆત કરી હતી ત્યારે ફક્ત ૨ જેટીથી શરૂઆત કરી આજે વૈશ્વિક સ્તરે નામના ધરાવતી કંપની બની ચૂકી છે. અદાણી ગ્રૂપ ઓફ ઈંડસ્ટ્રીસ ખૂબ ઝડપથી વિકસી સમાજ સમક્ષ ઔધોગીક ક્ષેત્રે સફળતાનું ઉદાહરણ પૂરુ પાડી રહ્યુ છે. ઔધોગીક ક્ષેત્રની મુલાકાત દરમ્યાન અદાણી ગ્રુપ વિષે સંપૂર્ણ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કુલ પાંચ ઔધોગીક ક્ષેત્રની મુલાકાત લેવામાં આવી હતી જેમા ૧૩૭ સ્કવેર કિલોમીટર સેઝ તેમજ ૯ સ્કવેર કિલોમીટર વેસ્ટ પોર્ટની મુલાકાત લીધી હતી, જેમા વિદ્યુત પ્લાન્ટ, ઓઈલ રીફાઈનરી પ્લાન્ટ તેમજ મુખ્ય પોર્ટનો સમાવેશ થાય છે. બ્રિજરાજસિંહ ઝાલા વિદ્યાર્થીઓની સાથે રહી અદાણી પોર્ટના વિવિધ કાર્યો, સચાલન અને વહીવટ વગેરે પાસાઓને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને પોર્ટની મુલાકાત દરમિયાન ઊંડાણપૂર્વક સમજ આપી હતી.

# ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ.સોલંકી રંજનબેન જીવરાજભાઈ** ઉ.વ.૬૦, સાદરા
- **સ્વ.ઠાકોર કાંતાબેન ચંદુજી** ઉ.વ.૬૭, સેકટર-૭

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ.પંચોલી સુરેશભાઈ અમરતલાલ** ઉ.વ.૮૨, સેકટર-૩
- **સ્વ.મહેશ્વરી ગોપાલભાઈ પન્નાલાલ** ઉ.વ.૭૫, કુડાસણ
- **સ્વ.શર્મા રાજકુમાર ઓમપ્રકાશ** ઉ.વ.૭૭, સેકટર-૧